# વીસરાયેલી ક્ષણો ડિસે – ૨૦૧૬

| તારીખ | | માસના બનાવો |
|---|---|---|
| ૧ ડિસે | | સર્વોચ્ચ અદાલતે થિયેટરમાં ફિલ્મ શરૂ થાય તે પહેલાં રાષ્ટ્રગીત ફરજીયાત વગાડવાનો આદેશ આપ્યો. |
| | | નેશનલ કમિશન બેકવર્ડ કલાસિસની ભલામણ અનુસાર કેન્દ્રીય OBC ની યાદીમાં ૧૫ નવી જાતિઓનો સમાવેશ કરવા માટે કેન્દ્રિય કેબિનેટે મંજૂરી આપી. |
| | | ટાઈમ મેંગેઝિને ૧૮૨૦ થી ૨૦૧૫ દરમિયાન ૨૦૦ વર્ષમાં લેવાયેલી સૌથી વધુ અસર કરનારી ૧૦૦ તસવીરો જાહેર કરી તેમાં ગાંધી બાપુની ચરખા સાથેની તસવીરનો સમાવેશ થયો છે. આ તસવીર ૧૯૪૬ માં માર્ગરેટા બર્ક વ્હાઈટે લીધી હતી. |
| ૨ ડિસે | | રશિયાના સેર્ગેય કાર્જાકિનને ૧૨ હાઈવોલ્ટેજ મુકાબલા પછીના દિલધડક ટાઈબ્રેકરમાં હરાવીને મેગન્સ કાર્લસન સળંગ ત્રીજી વખત વર્લ્ડ ચેસ ચેમ્પિયન બન્યો. |
| ૩ ડિસે | | સીબીઆઈના ઈનચાર્જ ડિરેક્ટર તરીકેનો ચાર્જ ગુજરાત કેડરના આઈપીએસ અધિકારી રાકેશ અસ્થાનાને ચાર્જ આપવામાં આવ્યો. |
| ૪ ડિસે | | દીવ દમણને દેશનો પ્રથમ કેશલેસ પ્રદેશ બનાવવા માટે દીવ દમણના પ્રશાસક પ્રફુલ પટેલે અભિયાનનો વિધિવત પ્રારંભ કરાવ્યો. |
| | | તાઃ ૩ અને ૪ ડિસે દરમ્યાન અમૃતસર ખાતે 'હાર્ટ ઓફ એશિયા' સંમેલન યોજાયું. |
| ૫ ડિસે | | તમિલનાડુના મુખ્યમંત્રી જયલલિતાનું ૬૮ વર્ષની ઉંમરે નિધન થયું. |
| | | ૫ ડિસે વિશ્વ જમીન દિન તરીકે ઉજવાય છે. |
| ૬ ડિસે | | તમિલનાડુના નવા મુખ્યમંત્રી તરીકે પનીર સેલવમની પસંદગી કરવામાં આવી. |
| ૭ ડિસે | | સર્વોચ્ચ અદાલતના ૪૪ મા ચીફ જસ્ટિસ પદે જસ્ટિસ જે.એસ.ખેહરની નિમણૂંક કરવામાં આવશે. તેઓ ચોથી જાન્યુઆરીએ શપથ લેશે. |
| ૮ ડિસે | | ટાઈમ મેંગેઝિન દ્વારા 'ટાઈમ પર્સન ઓફ ધ યર' તરીકેનું સ્થાન અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને મેળવ્યું. |
| | | આંધ્રપ્રદેશના હરિકોટા ખાતેથી ઈસરોએ રિમોટ સેન્સિંગ સેટેલાઈટ રિસોર્ચસેટ – ૨ A અવકાશમાં છોડયો. આ સેટેલાઈટ ખેતીવિષયક એપ્લીકેશનમાં ઉપયોગી બનશે. |
| ૯ ડિસે | | કેન્દ્રિય સરકાર દ્વારા ડિઝિટલ ચૂકવણીનો વ્યાપ વધારવા માટે Digishala નામની ટીવી ચેનલ Digidhan અભિયાન અંતર્ગત લોકોમાં જાગૃતિ ફેલાવવા માટે શરૂ કરવામાં આવી. તે હિન્દી અને અંગ્રેજી ભાષામાં શરૂ કરવામાં આવી છે. |
| ૧૦ ડિસે | | ૧૦ ડિસમ્બરને સંપૂર્ણ વિશ્વમાં માનવ અધિકાર દિવસ તરીકે મનાવવામાં આવ્યો. |
| ૧૧ડિસે | | ૧૧ ડિસેમ્બરને સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ તરીકે મનાવવામાં આવ્યો. |
| ૧૨ ડિસે | | વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ અમદાવાદ ખાતે આકાર લઈ રહ્યું છે. તેમાં દર્શકોની બેઠક વ્યવસ્થા ૧,૧૦૦૦૦ ની જોગવાઈ કરવામાં આવી છે. |
| ૧૩ ડિસે | | ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ જોકો વિડોડોએ તાઃ ૧૨,૧૩ ડિસેમ્બર દરમ્યાન ભારતની યાત્રા કરી. |

| તારીખ | | માસના બનાવો |
|---|---|---|
| ૧૪ ડિસે | | ભારતીય અભિનેત્રી પ્રિયંકા ચોપડાને યુનિસેફના વૈશ્વિક સદ્‌ભાવના દૂત તરીકે નિયુકત કરવામાં આવી. |
| ૧૫ ડિસે | | ફોર્બ્સ મેંગેઝિને જાહેર કરેલી વિશ્વની સૌથી શકિતશાળી વ્યકિતઓની યાદીમાં વયાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવમું સ્થાન પ્રાપ્ત કર્યુ. જયારે અમેરિકન પ્રમુખ ટ્રમ્પ બીજા ક્રમે, પ્રથમ ક્રમે રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન છે. |
| | | વિદેશ પ્રધાન સુષમા સ્વરાજે 'ફોરેન પોલીસી' મેંગેઝિનની ૧૫ ગ્લોબલ થિંકર્સમાં સ્થાન મળ્યું છે. |
| | | બ્રિટનના એન્ડી મરે અને જર્મનીની એંજેલીક કેર્બરને ઈન્ટરનેશનલ ટેનિસ ફેડરેશને (આઈ ટી એફ) પ્લેયર ઓફ ધ યર ૨૦૧૬ જાહેર કર્યા છે. |
| | | ૨૦૧૬ ના વર્ષનો સૌથી વધુ હોટેસ્ટ વેજેટેરિયનનો ખિતાબ શાહિદકપૂર અને સોનમકપુરને મળ્યો છે. જાનવરોના અધિકાર માટે કામ કરનારી સંસ્થા પેટા ઈન્ડિયાએ આ ખિતાબ આપ્યો છે. |
| ૧૬ ડિસે | | ગુજરાતમાં હુક્કાબાર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. દારૂબંધી માટે કડક કાયદો ઘડાયો આ કાયદા મુજબ દારૂનું ખરીદ વેચાણ કરનારાઓને ૧૦ વર્ષ સુધીની કેદ અને પાંચ લાખનો દંડ થશે. |
| | | દેશભરના નેશનલ અને સ્ટેટ હાઈવે પર પહેલી એપ્રિલથી દારૂનું વેચાણ બંધ કરવામાં આવશે. |
| | | સુપ્રિમ કોર્ટના નિર્દેશ મુજબ એરફોર્સના જવાનો દાઢી વધારી શકશે નહિ. |
| ૧૭ ડિસે | | સુનિલ અરોડાને આઈઆઈસીએના મહાનિર્દેશક તરીકે નિયુકત કરવામાં આવ્યા. |
| ૧૮ ડિસે | | ભારતીય જીવન વીમા નિગમના ચેરમેન તરીકે વિજયકુમાર શર્માને નિયુકત કરવામાં આવ્યા. |
| | | ૧૮ ડિસેમ્બરને આંતર રાષ્ટ્રીય પ્રવાસી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. |
| ૧૯ ડિસે | | કાશ્મીરનું લાનુરા ગામ દેશનું પ્રથમ કેશલેસ ગામ બન્યું. |
| | | સ્ટેફની ડેલ વેલેને મિસ વર્લ્ડ – ૨૦૧૬ નો ખિતાબ જીત્યો. |
| ૨૦ ડિસે | | GTU ના નવા કુલપતિ તરીકે સૌરાષ્ટ્રના ડૉ. નવીનચંદ્ર શેઠની નિમણૂંક કરવામાં આવી. |
| ૨૧ ડિસે | | અસમ સરકારે પર્યટન બાબતોને વિકસાવવાના હેતુથી ભારતીય અભિનેત્રી પ્રિંયકા ચોપડાને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે ઘોષિત કરી. |
| ૨૨ ડિસે | | રાજય સરકાર દ્વારા હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીના નવા કુલપતિ તરીકે બી.એ.પ્રજાપતિની નિમણૂંક કરવામાં આવી. |
| ૨૩ ડિસે | | IIM આઈ આઈ એમ અમદાવાદ સંસ્થાના નવા ચેરમેન તરીકે કુમાર મંગલમ બિરલાની નિયુકિત કરવામાં આવી. |
| | | આંતર રાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ ICC દ્વારા ક્રિકેટ ઓફ ધ યર તેમજ ટેસ્ટ પ્લેયર ઓફ ધ યર બે પ્રતિષ્ઠિત એવોર્ડ માટે અશ્વિનને જાહેર કરવામાં આવયો. |

| તારીખ | | માસના બનાવો |
|---|---|---|
| ૨૩ ડિસે | | હોલીવુડની ગ્રેટેસ્ટ ફિલ્મ 'ધ ગુડ ધ બેડ એન્ડ ધ અગ્લી' ૧૯૬૬ ની ૨૩ ડિસેમ્બરે રિલિઝ કરવામાં આવી હતી. તેના નિર્દેશિત સર્જિયો લિયોન હતા. |
| ૨૪ ડિસે | | અંડર ૧૯ એશિયાકપની ક્રિકેટ ફાઈનલમાં શ્રીલંકાને હરાવીને ભારત ચેમ્પિયન બન્યું. |
| | | ઓસ્કાર એવોર્ડ માટે ભારતની એમ એસ ધોની અનટોલ્ડ સ્ટોરી અને સરબજીત નોમિનેટ થઈ. |
| | | વિખ્યાત બિઝનેસ મેગેઝિન ફોર્બ્સ દ્વારા જાહેર કરાયેલી ભારતના ૧૦૦ સેલિબ્રિટીઓમાં સલમાનખાન પ્રથમ ક્રમે છે. |
| | | ૨૦૧૬ ના વર્ષનો ૫૨ મો જ્ઞાનપીઠ પુરસ્કાર બંગાળી સાહિત્યના પ્રસિદ્ધ કવિ શંખા ઘોષને આપવાની જાહેરાત કરવામાં આવી. |
| ૨૫ ડિસે | | ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૯ મું જ્ઞાનસત્ર તાઃ ૨૩ થી ૨૫ ડિસેમ્બર દરમ્યાન બનાસકાંઠાના મગરવાડા ખાતે યોજાયું. |
| | | ભારતે ઓડિશાના ચાંદીપુર ખાતેથી એન્ટી એર ફિલ્ડ વેપન સિસ્ટમનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું. જે ૧૦૦ કિ.મી. વિસ્તારમાં આવેલા ભૂમિ પરના લક્ષ્યને વિમાનમાંથી તોડી પાડવા સક્ષમ છે. |
| ૨૬ ડિસે | | ભારતીય ક્રિકેટર વિરાટ કોહલી અમેરિકન ટુરિસ્ટર કંપનીના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત થયા. |
| ૨૭ ડિસે | | ભારતે ઓડિશાના બાલાસોર ખાતેથી અગ્નિ – ૫ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યુ. તેની રેન્જ ૫ હજાર કિલોમિટરથી વધારે છે. અને ૧ ટનથી વધારે પરમાણું બોંબ લઈ જવા સક્ષમ છે. |
| ૨૮ ડિસે | | અસમ સરકાર દ્વારા અટલ અમૃત સ્વાસ્થ્ય વીમા અયિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો. |
| | | કે.કે.બિરલા ફાઉન્ડેશન દ્વારા અપાતો પ્રતિષ્ઠિત ૨૬ મો બિહારી પુરસ્કાર – ૨૦૧૬ રાજસ્થાનના પ્રસિદ્ધ સાહિત્યકાર ડૉ.સત્યનારાયણને આપવાની જાહેરાત કરવામાં આવી. |
| ૨૯ ડિસે | | ૩૧ મી માર્ચ પછી જૂની નોટો પકડાશે તો વ્યકિતને પાંચ ગણો દંડ અને ચાર વર્ષની જેલ માટેના વટહુકમને કેન્દ્ર સરકારે મંજૂરી આપી. |
| | | દિલ્લીના ઉપરાજયપાલ તરીકે પૂર્વ આઈએએસ અધિકારી અનિલ બૈજલની નિમણૂંક કરવામાં આવી. |
| | | વિશ્વની સૌથી લાંબી ટ્રેન ચીનમાં શરૂ કરવામાં આવી. તે ૨૨૫૨ કિલોમીટરનું અંતર માત્ર ૧૧ કલાકમાં પૂરું કરશે. |
| | | ભારતીય નૌસેનાના જામનગર સ્થિત આઈએનએસ વલસુરાના વડા તરીકે કોમોડોર ઈન્દ્રજીત દાસગુપ્તાની નિમણૂંક કરવામાં આવી. |
| ૩૦ ડિસે | | અત્યાધુનિક ટેકનોલોજી આધારિત દેશની સૌપ્રથમ ચેકપોસ્ટ ગુજરાતના શામળાજી ખાતે શરૂ કરવામાં આવી. |
| ૩૧ ડિસે | | ગુજરાતનું પાટનગર ગાંધીનગર દેશનું પ્રથમ ડિજિટલ સીટી બન્યું. |

# વીસરાયેલી ક્ષણો જાન્યુ – ૨૦૧૭

| તારીખ | | માસના બનાવો |
|---|---|---|
| ૧ જાન્યુ | | ડિજિટલ લેવડ દેવડ વધારવા માટે નરેન્દ્ર મોદી દ્વારા નવી મોબાઈલ એપ 'ભીમ' શરૂ કરવામાં આવી. |
| ૨ જાન્યુ | | પાકિસ્તાનના ભૂતપૂર્વ ક્રિકેટર ઈમ્તિયાઝ અહમદનું નિધન થયું. |
| | | રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ સંઘ લોક સેવા આયોગ (UPSC) ના નવા અધ્યક્ષ તરીકે પ્રોફેસર ડેવિડ આર સિમ્લિહની નિયુક્તિ કરી. |
| ૩ જાન્યુ | | ભારતે ૪૦૦૦ કિ.મી. સુધી લક્ષ ભેદતી અગ્નિ – ૪ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યુ. આ મિસાઈલ ૨૦ મીટર લાંબી છે અને તેનું વજન ૧૭ ટન છે. |
| | | સુપ્રિમ કોર્ટે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના પ્રમુખ અનુરાગ ઠાકુર અને સેક્રેટરી અજય શિર્કેને પદ ઉપરથી દૂર કર્યા. |
| ૪ જાન્યુ | | ભારતીય વાયુસેનાના નવા ઉપપ્રમુખ તરીકેનો કાર્યભાર એરમાર્શલ એસ.બી.દેવને સંભાળ્યો. |
| | | બાળકના જન્મની સાથેજ આધારકાર્ડ આપી દેવા માટે ગુજરાતમાં સૈપ્રથમ સુરત જિલ્લાના નવ તાલુકાના પંચાવન આરોગ્યકેન્દ્રો ખાતેથી શરૂઆત કરવામાં આવી. |
| ૫ જાન્યુ | | ફોર્બ મેંગેઝિન દ્વારા અમેરિકાના ૩૦ પ્રભાવશાળી યુવા વૈજ્ઞાનિકોની યાદી જાહેર કરવામાં આવી. તેમાં વડોદરાના કરણ જાનીને સ્થાન મળ્યું છે. તે ગુરૂત્વાકર્ષણના તરંગો શોધવાની ટીમમાં સામેલ હતા. |
| | | ભારતીય ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોનીને વનડે અને ટવેન્ટી ૨૦ ટીમના કેપ્ટન પદેથી રાજીનામું આપ્યું. |
| | | સરદાર પટેલના જીવનને ઉજાગર કરતા પુસ્તક 'આર્કાઈવલ સંગ્રહ'નું મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું. |
| | | દેશના ૪૪ મા મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે જગદીશસિંહ ખેહરે શપથ ગ્રહણ કર્યા. |
| ૬ જાન્યુ | | ગુજરાતી મૂળના રાજશાહને અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં રિસર્ચ ડાયરેકટર અને કોમ્યુનિકેશનના નાયબ સહાયક તરીકે નિમણૂંક કરી. |
| | | ગુજરાત સાહિત્ય સભા દ્વારા વર્ષ ૨૦૧૫ નો રણજીતરામ સુવર્ણ ચંદ્રક ડૉ. કુમારપાળ દેસાઈને એનાયત કરવામાં આવ્યો. |
| | | ગુગલના સીઈઓ બન્યા પછી સુંદર પિચાઈએ પશ્ચિમ બંગાળમાં આવેલી ખડગપુર આઈ આઈ ટીની પ્રથમ મુલાકાત લીધી. |
| ૭ જાન્યુ | | ચીનની સૌથી લાંબી રેલવે ચીનના બંદર યીવુથી લંડનને જોડશે. આ રૂટની લંબાઈ ૧૨૦૦૦ કિ.મી.ની છે અને તેને આ અંતર કાપતા ૧૮ દિવસ લાગશે. |
| ૮ જાન્યુ | | પોર્ટુગલના પ્રધાનમંત્રી એંટોનિયો કોસ્ટાએ ભારતના વડાપ્રધાન સાથે મુલાકાત કરી અને ૭ મહત્વપૂર્ણ બાબતો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. |
| ૯ જાન્યુ | | વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગાંધીનગર ખાતે ભારતના પ્રથમ આંતરરાષ્ટ્રીય એકસચેન્જનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું. |

| તારીખ | | માસના બનાવો |
|---|---|---|
| ૧૦ જાન્યુ | | હોલિવુડમાં બેવર્લી હિલ્સ ખાતે યોજાયેલા ૭૪ મા ગોલ્ડન ગ્લોબ એવોર્ડ સમારોહમાં મ્યુઝિકલ કોમેડી ફિલ્મ 'લાલા લેન્ડે' સાત ગોલ્ડન ગ્લોબ જીતીને વિક્રમ સર્જ્યો. |
| | | મેરિડ હોલીવુડની સૌથી ઓવરરેટેડ અભિનેત્રી બની. |
| ૧૧ જાન્યુ | | ગાંધીનગરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આઠમી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનો પ્રારંભ કરાવવામાં આવ્યો. |
| ૧૨ જાન્યુ | | ૨૧ મા રાષ્ટ્રીય યુવા મહોત્સવનો હરિયાણાના રોહતક ખાતે પ્રારંભ કરવામાં આવ્યો. |
| ૧૩ જાન્યુ | | ગુજરાતમાં ઉત્તરાયણના તહેવારોમાં પતંગની દોરીથી ઘાયલ થનાર પશુ પક્ષીઓની સારવાર માટે 'મિશન કરુણા' અભિયાન હાથ ધરાયું. |
| | | મલ્ટી બૈરલ રોકેટ લોન્ચ સિસ્ટમ ગાઈડેડ પિનાકાનું ઓડિશાના બાલાસોર સ્થિત ચાંદીપુર ખાતેથી સફળ પરીક્ષણ કરવામાં આવ્યું. |
| | | સંચાર કંપની ભારતી એરટેલ દ્વારા દેશભરમાં પ્રથમ એરટેલ પેમેન્ટ બેંકનો નાણાંમંત્રી અરૂણ જેટલી અને કંપનીના ચેરમેન સુનિલ ભારતી મિત્તલ દ્વારા શુભારંભ કરવામાં આવ્યો. |
| ૧૪ જાન્યુ | | ટાટા સન્સના નવા અધ્યક્ષ તરીકે એન. ચંદ્રશેખરને નિયુકત કરવામાં આવ્યા. |
| | | અમેરિકાની રાજધાની વોશિંગ્ટનના વ્હાઈટ હાઉસમાં યોજાયેલા સમારોહમાં પ્રમુખ બરાક ઓબામાએ તેમના સાથી અને ઉપપ્રમુખ જોબિડનને લેશના સર્વોચ્ચ ખિતાબ પ્રેસિડેન્સિઅલ મેડલ ઓફ ફિડમથી સન્માનિત કરવામાં આવ્યા. |
| ૧૫ જાન્યુ | | ભારતીય ભૂમિદળના ઉપપ્રમુખ તરીકે લેફ્ટનન્ટ જનરલ શરથચંદની નિયુકિત કરવામાં આવી. |
| ૧૬ જાન્યુ | | રણજી ટ્રોફી ક્રિકેટના ૮૩ વર્ષના ઈતિહાસમાં ગુજરાત પ્રથમ વખત ચેમ્પિયન બન્યું. |
| | | ઈસરોના ચેરમેન એ. એસ. કિરણકુમાર છે. |
| | | ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન વિરાટ કોહલીએ પોતાની કેપ્ટન્સી હેઠળની પ્રથમ ઈંગ્લેન્ડ સામેની પ્રથમ વનડેમાં ૩૫૧ રન કરી વિજય હાંસલ કર્યો. |
| ૧૭ જાન્યુ | | રાજસ્થાન સરહદે BSF દ્વારા 'સર્દ હવા'નો પ્રારંભ કરવામાં આવ્યો. જે ૨૮ જાન્યુઆરી સુધી ચાલશે. |
| | | વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ બનાવવા માટે અમદાવાદના મોટેરા ખાતે ભૂમિપૂજન કરવામાં આવ્યું. આ સ્ટેડિયમ ૭૦૦ કરોડના ખર્ચે ૨ વર્ષમાં બનશે. સ્ટેડિયમમાં ૫૫ રૂમોનું કલબ હાઉસ, ઓલિમ્પિક સ્વિમિંગ પુલ અને ૭૬ કોર્પોરેટ બોકસ બનાવવામાં આવશે. |
| ૧૮ જાન્યુ | | પૂર્વ ભારતીય ક્રિકેટ કપ્તાન કપિલદેવને ક્રિકેટ કલબ ઓફ ઈન્ડિયાના લિજેંડ્સ કલબ ઓફ ફેમમાં સામેલ કરવામાં આવ્યા. |
| ૧૯ જાન્યુ | | કેન્દ્રીય માનવ સંસાધન વિકાસમંત્રી પ્રકાશ જાવડેકરે સર્વ શિક્ષા અભિયાન હેતુ માટે 'શગુન' વેબ પોર્ટલનો શુભારંભ કર્યો. |
| ૨૦ જાન્યુ | | ગામ્બિયાના રાષ્ટ્રપતિ તરીકે એડમા બૈરોને શપથ ગ્રહણ કર્યા. |

| તારીખ | | માસના બનાવો |
|---|---|---|
| ૨૦ જાન્યુ | | કેન્દ્ર સરકાર દ્વારા સી.બી.આઈના પ્રમુખ તરીકે આલોકકુમાર વર્માની નિયુકિત કરવામાં આવી. |
| ૨૧ જાન્યુ | | હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી વીરભદ્રસિંહને ધર્મશાળાને રાજ્યની બીજી રાજધાની બનાવવાની જાહેરાત કરી. |
| | | અમેરિકાના ૪૫ મા પ્રમુખ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પને શપથ ગ્રહણ કર્યા. |
| | | અમેરિકાના વાઈસ પ્રેસિડેન્ટ તરીકે માઈકલ રિચાર્ડ પેન્સને શપથ ગ્રહણ કર્યા. |
| ૨૨ જાન્યુ | | ફિલીપાઈન્સની રાજધાની મનાલીમાં યોજાનાર ૬૫ મી મિસ યુનિવર્સ સૌદર્ય સ્પર્ધાના નિર્ણાયક તરીકે ભારતીય અભિનેત્રી સુસ્મિતાસેનની પસંદગી કરવામાં આવી. |
| ૨૩ જાન્યુ | | હિમાચલ પ્રદેશ ઓલિમ્પિક સંઘના અધ્યક્ષ તરીકે અનુરાગ ઠાકુરની પસંદગી કરવામાં આવી. |
| | | કર્ણાટક બેંક દ્વારા કેબીએલ સુરક્ષા અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો. આ અભિયાન હેઠળ ૧૮ થી ૭૦ વર્ષની વ્યકિતઓ દુર્ઘટના વીમા યોજનામાં સામેલ થઈ શકશે. આ અભિયાનની સમય મર્યાદા એક મહિનાની રહેશે. ૧૦ લાખના રૂપિયાના વીમા માટે ૧૦૦ રૂપિયા અને ૫ લાખના વીમા માટે ૫૦ રૂપિયા વાર્ષિક પ્રિમિયમ હશે. આ યોજનાનો લાભ બેંકના બચત ખાતા ધરાવનારને મળશે. |
| ૨૪ જાન્યુ | | દિલ્લીમાં આવેલ ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટને વર્ષ : ૨૦૧૬નો ગોલ્ડન પીકોક પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો. |
| | | ૨૪ જાન્યુઆરી દર વર્ષે રાષ્ટ્રીય બાલિકા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. |
| | | વરિષ્ઠ આઈપીએસ અધિકારી અંશુ સિંહાને ખાદી અને ગ્રામીણ ઉદ્યોગ આયોગના સીઈઓ તરીકે નિયુકત કરવામાં આવ્યા. |
| ૨૫ જાન્યુ | | ૨૫ જાન્યુઆરી રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે ઉજવાય છે. |
| | | રિલાયન્સ ફાઉન્ડેશનના સંસ્થાપક નીતા અંબાણીને પ્રતિષ્ઠિત મેટ્રોપોલિટન મ્યુઝિયમ ઓફ આર્ટ (દ મેટ) દ્વારા ઉત્કૃષ્ઠ કાર્યોમાં યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા. |
| | | પાકિસ્તાને પરમાણું હથિયાર લઈ જઈ શકે તેવી મિસાઈલ અબાબીલનું સફળ પરીક્ષણ કર્યુ. |
| | | ૮૯ મા એકેડેમી એવોર્ડ માટે ૧૪ ઓસ્કર નોમિનેશન મેળવનારી 'લા લા લેન્ડ' ઈતિહાસની ત્રીજી ફિલ્મ બની. |
| | | કેન્દ્ર સરકારે જાહેર કરેલી યાદી મુજબ ભાજપના વરિષ્ઠ નેતા મુરલી મનોહર જોશી, એનસીપીના ચીફ શરદ પવાર, પૂર્વ લોકસભા સ્પીકર પીએ સંગમાને (મરણોપરાંત), તમિલનાડુના આધ્યાત્મિક ગુરૂ જગ્ગી વાસુદેવ, ગાયક યેશુદાસને પદ્મવિભૂષણથી સન્માનિત કરવામાં આવશે. |
| ૨૬ જાન્યુ | | ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની યોજાયેલ પરેડમાં મુખ્ય મહેમાન તરીકે યુ એઈના શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન હાજર રહ્યા. |
| | | અમેરિકન જાસૂસી સંસ્થા સીઆઈએના વડા તરીકે માઈક પોમ્પીની નિમણૂંક થઈ. |

| તારીખ | | માસના બનાવો |
|---|---|---|
| ૨૭ જાન્યુ | | આણંદમાં ૬૦ કરોડના ખર્ચે ૧૫૦ બેડની સુવિધા ધરાવતી સિવિલ હોસ્પિટલ બનાવવામાં આવશે. |
| ૨૮ જાન્યુ | | ચીન દ્વારા તિબેટમાં વિશ્વની સૌથી ઉંચી વેધશાળા બનાવવામાં આવશે. ૫૨૫૦ ફૂટની ઉંચાઈએ મહાકાય ટેલિસ્કોપ ગોઠવીને બ્રહ્માંડના નિરીક્ષણની કામગીરી કરવામાં આવશે. |
| | | જૂનાગઢ જિલ્લાના ચોરવાડ ખાતે સમગ્ર વિશ્વના સૌથી ઉંચા સવા તેત્રીસ ફૂટના રૂદ્રાક્ષના શિવાલયને લિમ્કા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મળ્યું. આ રૂદ્રાક્ષ શિવાલયમાં ૪૬૧૦ કિલો રૂદ્રાક્ષનો ઉપયોગ અને ૨,૧૧,૬૨૪ ફૂટ દોરાનો ઉપયોગ થયો છે. શિવાલયને બનાવતા ૩૩,૭૧૨ માનવ કલાકો લાગ્યા હતા. |
| | | ગણતંત્ર દિવસ પર હવાલદાર હંગપન દાદાને (મરણોપરાંત) અશોકચક્રથી સન્માનિત કરવામાં આવ્યા. |
| | | વરિષ્ઠ પત્રકાર, લેખક અને નેશનલ બુક ટ્રસ્ટના સંપાદક પંકજ ચતુર્વેદીને પુસ્તક 'બેલગામ ઘોડા' અને ડૉ. પ્રદીપ શુકલને 'ગુલ્લુકા ગાંવ' પુસ્તક માટે વર્ષ: ૨૦૧૬ ના હરિહર દેવસરે બાલ સાહિત્ય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. |
| ૨૯ જાન્યુ | | હોલીવુડ ફિલ્મના નિર્માતા અને ટેનિસ ખેલાડી અશોક અમૃતરાજનને ભારતમાં યુ.એન.ડી.પી. માટે સદભાવના દૂત બનાવવામાં આવ્યા છે. |
| ૩૦ જાન્યુ | | નાલંદા વિશ્વવિદ્યાલયના કુલપતિ તરીકે ડૉ. વિજય ભાટગરની નિયુકિત કરવામાં આવી. તેઓની વિશ્વના પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિકોમાં ગણના થાય છે. |
| | | રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ બનવારીલાલ પુરોહિતને મેઘાલયના અને પદ્મનાથ બાલકૃષ્ણને અરૂણાચલ રાજ્યના રાજ્યપાલ તરીકે નિયુકત કર્યા. |
| | | સ્વિત્ઝર્લેન્ડના લેજન્ડરી સુપરસ્ટાર ફેડરરે સ્પેનીશ સ્ટાર નડાલને હરાવીને પાંચમી વખત ઓસ્ટ્રેલિયન ઓપન ટાઈટલ જીત્યું. ફેડરર વર્ષ ૨૦૧૦ પછી પ્રથમ ગ્રાન્ડ સ્લેમ જીત્યો. |
| | | ૬૫ મી મિસ યુનિવર્સ પ્રતિયોગિતામાં ફ્રાન્સની આઈરિસ મિતેનેને વિજેતા જાહેર કરવામાં આવી. આ શો ના જજ તરીકે ભારતીય અભિનેત્રી સુસ્મિતા સેન હાજર રહી હતી. |
| | | દિલ્લી પોલીસ કમિશ્નર તરીકે ૧૯૮૫ની બેચના પોલીસ અધિકારી અમૂલ્ય પટનાયકની નિયુકિત કરવામાં આવી. |
| ૩૧ જાન્યુ | | સુપ્રિમ કોર્ટે બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા (બીસીસીઆઈ)ના ચાર સભ્યોની વહિવટદારોની નિમણૂંક કરી. જેમાં ભૂતપૂર્વ કમ્પટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા (કેગ) વિનોદરાય, ઈતિહાસવિદ્ લેખક રામચંદ્ર ગુહા, ભારતીય મહિલા ટીમની ભૂતપૂર્વ સુકાની ડાયના એડલજી અને વિક્રમ લિમયેનો સમાવેશ કરવામાં આવ્યો. |
| | | અમેરિકામાં વર્જિનિયાના ૨૫ મા જયુડીશીયલ જજ તરીકે મૂળ અમદાવાદના અને અમેરિકામાં સ્થાયી થયેલ રૂપેન આર. શાહની નિમણૂંક કરવામાં આવી. |